

# સંજીવની સમાન લોહીની ભાષા સમજીએ

**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

ઈતિહાસના પાનાંઓને વાંચીએ તો ખબર પડે છે કે ફક્ત અને ફક્ત ધરતી પર યુદ્ધો ખેલાયા છે એનું મૂળ કારણ માનવી-માનવી વચ્ચે નફરત-વેરઝેર અને અહંકારના કાંટાઓ મુખ્ય છે. યુદ્ધના બીજ પહેલાં મનમાં જન્મે છે પછી વાણી અને વ્યવહારમાં આવે છે અને તેનો અંત કર્મમાં આવતાં લોહીની નદીઓ વહે છે.

ઈશ્વર આપણને વ્યાપક હૃદય સાથે ધરતી પર મોકલે છે પણ સ્વાર્થની સરહદમાં પૂરાયેલા આપણે માનવીઓ, આપણા વંશજોના શુદ્ધ લોહીમાં ઝેરનું મિશ્રણ કરતાં રહીએ છીએ. કારણકે આપણે એમાં ગૌરવ અનુભવીએ છીએ. આપણે આપણા અહંકારને પોષી રહ્યા છીએ અને તેથી જ માનવ સંસ્કૃતિનો ઈતિહાસ લોહીથી રંગાયેલો છે. સાચું પૂછો તો આપણે લોહીનુંમૂલ્ય જ સમજ્યા નથી. આપણે લોહીની સગાઈમાં માનીએ છીએ અને એનું મર્યાદામાં રહીને વ્યવહાર જગતમાં તેનો વ્યાપાર પણ કરીએ છીએ. છતાં આપણે લોહીની સાચી ભાષા સમજી શક્યા નથી. જો આપણે તેની સાચી ભાષા સમજી ગયા હોત તો લોહી રંગ્યા ભૂતકાળના યુદ્ધોને ટાળી શક્યા હોત અને આજ સુધી આવા યુદ્ધોની હારમાળા ચાલી ન આવત.

માનવી કે પશુ - શું તેની રગોમાં લોહી વહે છે વહેતું લોહી એ આપણું જીવન છે જે દિવસે લોહીની ગતિ અટકી જાય છે તે દિવસથી આપણા શ્વાસ પણ વિરમી જાય છે.

જીવનનું એ અંતિમ પ્રકરણ હોય છે. આયુષ્યના આરંભથી તે અંત સુધી લોહીનું ભ્રમણ આપણી જીવાદોરી બની રહે છે. ઈશ્વર જ્યારે લોહીમાં જીવનો સંચાર કરાવે છે અર્થાત્ પાંચ તત્ત્વના ખોળિયામાં પરમાત્મા શિવના ઘરેથી આવેલી બિંદુરૂપ આત્મા પ્રવેશ કરે છે ત્યારે જીવ અને આત્મા મળી જીવાત્મા બને છે ત્યારે તે માનવીના લોહી પર કોઈ ધર્મ કોઈ જ્ઞાતિ કે જાતિનું લેબલ લગાવતો નથી પણ આપણે માનવીઓ જ લોહીની આસપાસ વર્તુળ દોરી દઈએ છીએ. આ કાળા માણસનું લોહી, આ ગોરા માણસનું લોહી, આ હિંદુનું લોહી, આ મુસ્લિમનું લોહી, આ ખ્રિસ્તીનું લોહી પણ ઈશ્વરને મન કોઈ લોહી અસ્પૃષ્ય નથી. વળી આપણે તો આપણા લોહીમાં વેર અને ઝેર પણ ભેળવ્યા અને જીભ પર સેક્રીનની મીઠાશ મૂકી છે. પરિણામ એ આવ્યું કે આપણા વિચાર અને આચારમાં ધરતી અને આકાશ જેટલું અંતર પડી ગયું આપણા હૃદયની ક્ષિતિજ વ્યાપક નથી - આપણા મનના પિંડને આપણે યોગ્ય ઘાટ આપ્યો નથી. અર્થાત્ જીવનવ્યવહારમાં પરમાર્થની વાતો કરનારા આપણે ઈશ્વરીય જ્ઞાન અને ઈશ્વરના દિવ્ય ગુણોને અને ઈશ્વરીય શક્તિને સાચા અર્થમાં સમજ્યા પણ નથી અને આચરણમાં પણ મૂક્યા નથી. પરિણામ એ આવ્યું કે, આપણે લોહીની લિપિને ઓળખી શક્યા નથી.

સુવર્ણ એ સંજીવની નથી, સંપતિ પણ આપણી સંજીવની નથી. જ્યારે માનવી મૃત્યુ શૈયા પર હોય છે ત્યારે જીવાડવા માટે લોહી પણ સંજીવનીનું કામ કરે છે અને માનવીને જીવનદાન આપે છે. જે દિવસે આપણે લોહીના ભેદ ભૂલી જઈશું. આ ઊંચું લોહી આ નીચું લોહી એવી ભ્રમણામાંથી મુક્ત થઈશું. તે દિવસે આપણું જગત કુવાની દિવાલો કૂદીને દૂર સુધી વિસ્તર્યું હશે.

પશુમાં પણ લોહી વહે છે એને પણ મમતા-પ્રેમ છે. પણ આપણે માનવીઓ ઘણીવાર પશુની પ્રેમ રેખાની કક્ષા સુધી પણ જઈ શકતાં નથી. પશુ કરતાં માનવીને બુદ્ધિ અને હૃદય ધારદાર મળ્યા છે તેમ છતાં ઘણીવાર માનવીની બુદ્ધિ બુઠ્ઠી બની જાય છે અને હૃદયહિન બની જાય છે ત્યારે આપણે પશુની લાઈનમાં મુકાવાને પણ લાયક નથી રહેતાં. દરેકના

**સુવર્ણ એ સંજીવની નથી, સંપત્તિ પણ આપણી સંજીવની નથી. જ્યારે માનવી મૃત્યુશૈયા પર હોય છે ત્યારે જીવાડવા માટે લોહી પણ સંજીવનીનું કામ કરે છે અને માનવીને જીવનદાન આપે છે**

લોહીનો રંગ એક જ છે- પછી હૃદયનો રંગ એક કેમ ન હોય? જો આપણે આટલું જ સમજીએ તો લોહીની ભેદરેખા ભૂંસાઈ જશે અને માનવી -માનવી વચ્ચે આત્મીયતાનો તાર જોડાય જશે. ત્યારે માનવી-માનવી વચ્ચેના વેર-ઝેરના વમળો ખત્મ થઈ જશે. આપસમાં મન સાથે મન જોડાતા પ્રેમ-આનંદ-શાંતિ અને પવિત્રતાના ફૂલોની સુગંધ ફેલાતી રહેશે. માનવ સંસ્કૃતિનો ઈતિહાસ ફક્ત અને ફક્ત સુખ-શાંતિ અને આનંદના રંગોથી સુશોભિત બનશે.

ઈશ્વરીય

મિત્રો ચાલો આપણે સહપરિવાર આવા સુખ-શાંતિ સભર માનવ સંસ્કૃતિનાં નિર્માણના કાર્યમાં સહયોગી બનીએ એવી શુભ ભાવના સાથે...ઓમ શાંતિ......

---



# પર્ફેક્શન કે પ્રગતિ ?

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

ગત અંકમાં સ્વભાવ-નિયત કર્મને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ સદોષ સહજ કર્મ ઉપર પ્રકાશ પાથરે છે.

ગત સપ્તાહે એક મિત્ર મળવા આવેલા. તેમણે તેમના પાડોશી રઘુભાઈની વાત ઉપાડી. રઘુભાઈ વ્યવસાયે ગણિતના પ્રાધ્યાપક, સ્વભાવથી અત્યંત ચોકસાઈપ્રિય. જીવન તેમના માટે કોઈ ખુલ્લું આકાશ નહોતું; તે તો માપેલી રેખાઓનું કોષ્ટક હતું. ઘર હોય કે વર્ગખંડ, દરેક વસ્તુમાં પર્ફેક્શન જોઈએ. પછી તે સમય હોય, વ્યવસ્થા હોય કે સંબંધો હોય!

રઘુભાઈના ઘરે સવાર ઘડિયાળથી નહીં, પરંતુ તેમની પર્ફેક્શનવાળી નજરથી શરૂ થતી. પત્ની સરસ્વતીબહેન ચા બનાવે ત્યારે દૂધનું પ્રમાણ થોડું વધારે કે ઓછું થઈ જાય તો ચહેરા પર અસંતોષની લકીર તરત દેખાઈ જાય. દીકરી પરીક્ષામાં 95% લાવે ત્યારે પણ પ્રશ્ન ઊભો થાય, “બાકી પાંચ ટકા ક્યાં ગયા?” પ્રશંસા તો ક્યારેય કરે જ નહિ; પણ ખામી હંમેશા સ્પષ્ટ દેખાતી.

શરૂઆતમાં પરિવારજનોએ આ બધું સહન કર્યું. “એ તો એવા જ છે,” કહીને વાત ટાળી દીધી પરંતુ સમય જતાં પર્ફેક્શનનો આ આગ્રહ ઘરમાં ડર, દબાણ અને અલગાવમાં પરિણમ્યો. એક દિવસ દીકરીએ ચિત્રસ્પર્ધામાં ભાગ લીધો. ચિત્રમાં ભાવ હતો, રંગોમાં સંવેદના હતી. પરિણામ આવ્યું, બીજો ક્રમ. દીકરી ખુશ હતી; આંખોમાં આત્મવિશ્વાસ ચમકતો હતો. રઘુભાઈએ ચિત્ર જોયું, થોડું મૌન રાખ્યું અને કહ્યું, “રેખાઓ હજી પર્ફેક્ટ નથી, એટલે પહેલો નંબર ગયો.” એ એક વાક્યે દીકરીની ખુશી મૌનમાં ફેરવી દીધી. તે દિવસે તેણે પોતાના રંગો બંધ કરી દીધા.

પત્નીએ પણ હવે ફક્ત કામ પૂરતું જ બોલવાનું રાખ્યું. દીકરીએ પોતાની વાત શેર કરવી બંધ કરી દીધી. ઘર હોવા છતાં ત્યાં ઉષ્મા નહોતી; બધું ગોઠવાયેલું હતું પણ જીવંત નહોતું. હા, સંબંધો તૂટ્યા નહોતા, સુકાઈ ગયા હતા.

એક સાંજે રઘુભાઈ એકલા બેઠા હતા. ઘરમાં સંપૂર્ણ શાંતિ હતી. એવી શાંતિ જે ચુભે. તેમાં તેમને જૂના ઉષ્માભર્યા સંબંધો યાદ આવ્યા. અત્યારે કંઈક ખૂટે છે એવો એહસાસ થવા લાગ્યો. ત્યારે અચાનક સમજાયું કે તેમણે જીવનમાં બધું પર્ફેક્ટ રાખવાનો પ્રયત્ન કર્યો પણ સંબંધોને જીવવા દીધા નહીં. સંબંધો માપથી નહીં, માનવતાથી ટકતા હોય છે, આ સત્ય સમજાય ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હતું.

એટલે જ તો ગીતા કહે છે કે પોતાનું સહજ કાર્ય, સહજ શૈલી દોષયુક્ત હોય પણ તેને તજીને બીજાની શૈલીને પર્ફેક્ટ જાણીને એ રીત અપનાવાનો કે બીજા પર થોપવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. હા, પોતાના કાર્યમાં દોષ ટાળવાનો પ્રયત્ન અવશ્ય કરવો. દોષો ટાળીને પ્રગતિ કરવી આપણી ફરજ છે પરંતુ તેમાં 100% પર્ફેક્શનનો આગ્રહ ઘણી વાર માણસને નિર્જીવ બનાવી દે છે.

માનવ મનની એક વિશેષ નબળાઈ છે. તે સંપૂર્ણતાની કલ્પનામાં અટવાઈ જાય છે. “સંપૂર્ણ થઈશ ત્યાર પછી શરૂ કરીશ” એવો વિચાર ઘણી વાર જીવનને આગળ વધતા અટકાવી દે છે. પર્ફેક્શન એક આદર્શ છે, એક કલ્પિત શિખર છે; જ્યારે પ્રગતિ જીવંત યાત્રા છે, સતત ચાલતી, શ્વાસ લેતી હકીકત. જીવન પર્ફેક્શનથી નથી ચાલતું, તે તો નાની-નાની પ્રગતિનાં પગથિયાં પર આગળ વધે છે.

પર્ફેક્શનનો મોહ માણસને નિષ્ક્રિય બનાવી દે છે. તે કહે છે, હજુ તૈયાર નથી, હજુ ખામી છે, હજુ વધુ સુધારવું જોઈએ. પરિણામે શરૂઆત જ થતી નથી. જ્યારે પ્રગતિ કહે છે, આજે જેટલું બની શકે તેટલું કર, બાકી કાલે સુધરશે. જીવનમાં જે કંઈ સિદ્ધ થયું છે તે પૂર્ણતાથી નહીં પરંતુ સતત પ્રયત્નથી થયું છે. ખેડૂત બીજ વાવતાં પહેલાં જમીન સંપૂર્ણ છે કે નહીં તે તપાસતો નથી; તે તો વિશ્વાસપૂર્વક બીજ વાવે છે. પછી વરસાદ, સૂર્ય અને સમય સાથે પાક ધીમે ધીમે પક્વ થાય છે.

બાળક જ્યારે ચાલતા શીખે છે ત્યારે તે વારંવાર

**ગીતા કહે છે કે પોતાનું સહજ કાર્ય, સહજ શૈલી દોષયુક્ત હોય પણ તેને તજીને બીજાની શૈલીને પર્ફેક્ટ જાણીને એ રીત અપનાવવાનો કે બીજા પર થોપવાનો પ્રયત્ન ન કરવો જોઈએ**

પડે છે. જો તે “હું પરફેક્ટ ચાલું ત્યાર પછી જ ઊભો રહીશ” એમ વિચારે, તો કદાચ ક્યારેય ચાલે જ નહીં. પડવું, ઊભું થવું અને ફરી પ્રયત્ન કરવો આ જ પ્રગતિનું સાચું સ્વરૂપ છે.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે સમાજ, સોશ્યલ મીડિયા, સરખામણીઓ, બધું જ આપણને કહે છે કે શ્રેષ્ઠ બન, સંપૂર્ણ બન પરંતુ આ દોડમાં માણસ પોતાનો સ્વાભાવિક ગતિપથ ભૂલી જાય છે. પ્રગતિ વ્યક્તિગત છે; તે બીજાની સાથે તુલના માગતી નથી. આજે હું ગઈકાલ કરતાં થોડું સારું કરું, એટલું જ પૂરતું છે. હા, પૂર્ણતાનું લક્ષ્ય જરૂર રાખવું પણ નાની પ્રગતિને માણતા પણ આવડવું જોઈએ.